ટપુક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

વર્ષ : ૨૧
અંક : ૬

## ૪. ગુણવતાસભર શિક્ષણ

તમામને આવરનાર અને સમાન ગુણવતાસભર શિક્ષણને સુનિશ્ચિત કરવું અને આજીવન તાલીમની તકો પ્રોત્સાહિત કરવી

**૪.૧** વર્ષ ૨૦૩૦ સુધીમાં સુનિશ્ચિત કરવું કે, તમામ છોકરાઓ અને છોકરીઓ મફત, તુલનાત્મક અને ગુણવતાસભર પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણપૂર્ણ કરે જેના સંલગ્ન અને અસરકારક તાલિમી પરિણામો હાંસલ કરી શકાય.

**૪.૨** વર્ષ ૨૦૩૦ સુધીમાં સુનિશ્ચિત કરવું કે, તમામ છોકરાઓ અને છોકરીઓને ગુણવતાસભર પ્રારંભિક બાળવિકાસ, કાળજી અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ સુધીની પહોંચ પ્રાપ્ત થાય જેથી તેઓ પ્રાથમિક શિક્ષણ માટે તૈયાર રહે.

**૪.૩** વર્ષ ૨૦૩૦ સુધીમાં સુનિશ્ચિત કરવું કે, તમામ સ્ત્રીઓ અને પુરૂષોને સમાન રીતે પોષાય તેવા ગુણવતાસભર, ટેકનિકલ, રોજગારલક્ષી અને તૃતિય સ્તરના શિક્ષણ મળી રહે.

**૪.૪** વર્ષ ૨૦૩૦ સુધીમાં રોજગાર, સારી નોકરી અને ઉદ્યોગ સાહસિકતા માટે ટેકનિકલ અને રોજગારલક્ષી કૌશલ્ય ધરાવનારા યુવાનો અને પુખ્તોની સંખ્યામાં નોંધપાત્ર વધારો કરવો.

**૪.૫** વર્ષ ૨૦૩૦ સુધીમાં, શિક્ષણમાં જાતિ આધારિત ભેદભાવોને નાબૂદ કરવા અને વિકલાંગતા ધરાવનારા લોકો, એકલા લોકો અને પીડિત સ્થિતિમાં રહેલા બાળકો સહિતના પીડિતો માટે શિક્ષણ અને રોજગારલક્ષી તાલીમના તમામ સ્તર સુધી સમાન પહોંચને સુનિશ્ચિત કરવી.

**૪.૬** વર્ષ ૨૦૩૦ સુધીમાં સુનિશ્ચિત કરવું કે, સ્ત્રીઓ અને પુરૂષો સહિત પુખ્તોના નોંધપાત્ર પ્રમાણ અને તમામ યુવાઓ સાક્ષરતા અને અંકજ્ઞાન પ્રાપ્ત કરે.

**૪.૭** વર્ષ ૨૦૩૦ સુધીમાં સુનિશ્ચિત કરવું કે, તમામ શીખનારા સાતત્યપૂર્ણ વિકાસને પ્રોત્સાહિત કરવા જરૂરી કૌશલ્ય અને જ્ઞાન પ્રાપ્ત કરે, જેમાં અન્ય ચીજોની સાથે સામેલ હોય સાતત્યપૂર્ણ વિકાસ માટેનું શિક્ષણ અને સાતત્યપૂર્ણ જીવનશૈલી, માનવાધિકાર, જાતીય સમાનતા, અહિંસા અને શાંતીની સંસ્કૃતિને પ્રોત્સાહન, વૈશ્વિક નાગરિકત્વ અને સાંસ્કૃતિક વૈવિધ્યતાની પ્રશસ્તિ અને સાતત્યપૂર્ણ વિકાસ માટે સંસ્કૃતિનું યોગદાન.

**૪.૮** બાળ, વિકલાંગતા અને જાતિ સંવેદના ધરાવતી હોય તેવી શિક્ષણ સુવિધાઓનું નિર્માણ કરીને તેને આધુનિક કરવી અને તમામ માટે સુરક્ષિત, અહિંસક, સમ્મિલિત અને અસરકારક શિક્ષણ માટેનું વાતાવરણ ઉપલબ્ધ કરાવવું.

***સંદર્ભ : સાતત્યપૂર્ણ વિકાસના ધ્યેયો***

***સંબંધ માટે માણસે માળી બનવું જોઈએ, કઠીયાળો નહિ.***

## બીજું જોઈએ શું..જીંદગી તને થેન્ક યુ....

એક કપ કોફી, મૂશળધાર વરસાદ અને એક ગમતો મિત્ર. બીજું જોઈએ શું?......

એક લોંગ ડ્રાઈવ, એક ગમતો રસ્તો અને એક ગમતું ગીત. બીજું જોઈએ શું?......

કોઈ નિરાંતની સાંજે, એક ગમતા પુસ્તકના પાનાં ઉથલાવીને, દુનિયાને ભૂલી જઈ શકું તો..

જીંદગી તને થેન્ક યુ!!!!!!...............

એક મનગમતી સાંજે, આથમતા સૂરજની સામે ઉભા રહીને, મારી જાતમાં કશુંક ઉગાડી શકું તો

જીંદગી તને થેન્ક યુ!!!!!!...............

એક ગમતો સાથ, એક મનગમતો સ્વાદ અને એક સ્વાદિષ્ટ પકવાન.બીજું જોઈએ શું?......

વર્ષોથી સાચવેલી શ્રદ્ધા, એક ગમતી પ્રાર્થના અને હદયમાં વસેલા પરમાત્મા.

બીજું જોઈએ શું?...............

ગમતા લોકોની હાજરીમાં, મારા જીવતા હોવાની ઉજવણી કરી શકું તો.

જીંદગી તને થેન્ક યુ!!!!!!...............

જેને પ્રેમ કરુ છું, એ બધા લોકોને મન ભરીને ગળે મળી શકું તો.

જીંદગી તને થેન્ક યુ!!!!!!...............

એક ગમતું થિયેટર, હાથમાં પોપકોર્ન અને સામે ગમતો સુપર સ્ટાર. બીજું જોઈએ શું?......


કેટલાક ગમતાં લોકો, હાથમાં મિઠાઈ અને હૈયામાં ગમતો તહેવાર.બીજું જોઈએ શું?......

જીંદગી તને થેન્ક યુ!!!!!!...............

## કેરીની ગોટલી પર અનોખું સંશોધન

ભારતમાં ૮૦ ટકા શાકાહારીઓમાં વિટામીન 'બી–૧૨' ની ઉણપ હોય છે. તે દૂર કરવામાં 'ગોટલી' મદદરૂપ બની શકે છે.

કેરી ખાધા પછી કચરામાં ફેંકી દેવામાં આવતા ગોટલામાંની ગોટલીનો ખાવામાં ઉપયોગ કરવામાં આવે...તો માનવ શરીરમાંની 'વિટામિન બી'૧૨'ની કમી દૂર કરી શકાય છે. આ ગોટલીમાંથી મળતું 'મેન્ગીફેરીન' નામનું ઘટક– માનવ બ્લડમાનાં સુગરનાં લેવલને પણ નિયંત્રણમાં રાખવામાં મહત્વની ભૂમિકા પૂરી રાખવામાં મહત્વની ભૂમિકા ભજવતું હોવાનું તારણ મળ્યું છે. આ અંગેની વધુ સમજણ આપતા ડો.હરેશ કેહારિયાએ જણાવ્યું હતું કે આપણા આહારમાં 'પોલીસેકરાઈડ' ના સ્વરૂપમાં સ્ટાર્ચ હોય છે. આ સ્ટાર્ચનું વિઘટન થાય....ત્યારે તેમાંથી સુગર અલગ પડે છે. અને, તે બ્લડમાં ભળે છે.આ માટે આંતરડાંમાં 'એમિલાઈઝ' નામના પાચક રસો ઝરે છે. આ રસો સ્ટાર્ચમાંની 'સુગર' ને અલગ પડતી જ નથી. તેથી ડાયાબિટીસ અંકુશમાં રહે છે.



**ધારી લઈએ એના કરતા પૂછી લઈએ તો 'સંબંધ' વધારે ટકે.**

## નીંદણ નિયંત્રણ વ્યવસ્થા

નીંદણ પાક સાથે ભેજ, પ્રકાશ, જગ્યા અને પોષક તત્વો મેળવવા માટે તીવ્ર હરિફાઈ કરે છે. જેના પરિણામુ પાકના ઉત્પાદનમાં અને આર્થિક વળતરમાં ઘણો ઘટાડો થાય છે. આથી નીંદણોનું યોગ્ય સમયે અને યોગ્ય પધ્ધતિથી નિયંત્રણ કરવું અતિ આવશ્યક છે. હાલના સંજોગોમાં શહેરો તરફના સ્થળાંતરના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં ખેતી કાર્યો માટે મજૂરોની લભ્યતા ઘટતી જાય છે તેમજ મજૂરીના દરમાં પણ ઉત્તરોત્તર વધારો થતો જાય છે. આમ, આપણી ચીલાચાલું પદ્વતિ એટલે કે હાથ નિંદામણથી નીંદણોનું નિયંત્રણ કરવું ખર્ચાળ, સમય લેનારૂં અને ખૂબજ મુશ્કેલ બનતું જાય છે. વળી, અનિયમિત હવામાન અને ખેતી કાર્યો ન થઈ શકે તેવી જમીનની પરિસ્થિતિમાં તેમજ પુંખીને વાવેતર કરાતાં પાકોમાં આંતરખેડ શકય નથી અને હાથ નિંદામણ મુશ્કેલ ભર્યુ છે, જેથી નીંદણોનું સમયસર નિયંત્રણ કરી શકાતું નથી. સંકલિત નીદણ નિયંત્રણ એટલે કે નીંદણનાશક દવા તથા આંતરખેડ અને હાથ નિંદામણથી નીંદણોનું શરૂઆતથી જ અસરકારક અને આર્થિક રીતે પરવડે તેવું નિયંત્રણ કરી શકાય છે. જેના કારણે પાકને શરૂઆતથી જ નીંદણમુકત વાતાવરણનો ફાયદો મળે છે. નીંદણનાશક દવાઓના વધારે પડતાં ઉપયોગથી પર્યાવરણ, જમીન, પાણી, ખાદ્યાન્ન વગેરેમાં પ્રદુષણનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. આમ, કોઈ એક પધ્ધતિથી નીંદણોનું નિયંત્રણ કરવું કઠીન છે. સંકલિત નીંદણ નિયંત્રણ એ ક્ષેત્ર વ્યવસ્થાપનનું એક એવું પાસુ છે કે જેમાં અસરકારક, આધારભૂત અને કાર્યક્ષમ નીંદણ નિયંત્રણ પધ્ધતિઓનો યોગ્ય સમન્વય કરવામાં આવે છે. આ પધ્ધતિમાં ખેડૂત પાસેના ઉપલબ્ધ જુદાં જુદાં સ્ત્રોતોનો કાર્યક્ષમ ઉપયોગ કરી શકાય છે અને કોઈ એક પધ્ધતિના સતત ઉપયોગથી ઉપસ્થિત થતી સમસ્યાઓ ટાળી શકાય છે. આમ, ટકાઉ ખેતી માટે સંકતિ નીંદણ નિયંત્રણ અત્યંત આવશ્યક છે.



**વધતી જતી સમજણ માણસને મૌન તરફ લઈ જાય છે.**

## વાર્ષિક મિલન

જુન ૧૬, ૨૦૧૯ ના રોજ સંસ્થાના કાર્યરત કાર્યકરો, ભૂતપૂર્વ કાર્યકરો, ખેડૂતો, સંસ્થાના સંચાલક મંડળના સભ્યો, એસએમસીના સભ્યો, સાથી સંસ્થાઓ તથા સરકારી અધિકારીઓએ સાથે શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનો ૩૯મો વાર્ષિક મિલન સમારંભ યોજાયો.

કાર્યક્રમની શરૂઆત ઉપસ્થિત રહેલા મહેમાનો દ્વારા દિપ પ્રાગટય કરી તથા પ્રાર્થના સાથે કરવામાં આવી. સંસ્થા પરીચય એક નાટક દ્વારા થયો. ૨૦૧૮–૧૯ના કાર્યોની રજુઆત ઉસ્તાદ અને જંબૂરા વાળી પધ્ધતીથી કરવામાં આવી જેમાં કાર્યક્રમ મુજબ થયેલા કામો રજુ થયા. ૧૨૦૦૦ ખેડૂતો સાથે બિયારણ પસંદગી, બજાર વ્યવસ્થા, જમીન તૈયારી, રોગ જીવાત નિયંત્રણ, દવાઓની માહિતી, બાયોડાયવર્સીટી, સલામતી અને અધિકારો જેવા વિષયોની તાલીમ તથા ફોલોઅપ અને જાગૃતિના પ્રયાસો, ખેતીકાર્ય સાથે જોડાયેલી ૪૧૭ બહેનોને પણ તાલીમ, વિશ્વ મહિલાદીનની ઉજવણી, બહેનોની કાર્યશાળા અને હેલ્થ સેફટી કીટના ઉપયોગ પર ખેડૂત મુલાકાત, નિદર્શનો, મંડપ સર્વીસ, ખેત ઉત્પાદન સંગઠનોની કામગીરી પર સંસ્થાના કાર્યકરોએ રજુઆત કરી હતી.

રાજય એસએમસી સંમેલન તથા સંસ્થાના અન્ય કાર્યક્રમોમાં રજુ થયેલ નાટકોમાં ભાગ લેનાર કલાકારોને તેમજ ઉપસ્થિત ખેડૂતોને સન્માનિત કરવામાં આવ્યા હતા.



***માણસ તો જોઈએ તેટલા મળે સાહેબ પણ, 'જોઈએ તેવા' તો ભાગ્યે જ મળે.***

ભૂતપૂર્વ સાથીઓ નવલિકા, દર્શન, નીરલ, શ્વેતા, દિપક, ચંદુભાઈએ પોતે આ સંસ્થામાં કામ કરતા હતા અને હાલમાં કામ બાબતે પોતાના અનુભવો કહયા હતા. વ્યવસ્થાપક કમિટીના સભ્યો ભરતભાઈ, દીપાબેન, બીપીનભાઈ તથા પ્રો. તળવીયાએ સંસ્થાના કામકાજો પર પોતાના ઓબઝર્વેશન જણાવ્યા હતા. બીપીનભાઈએ સીએમઆર પર માહિતી આપી હતી. બગસરાથી પધારેલ શ્રી દેવચંદભાઈ સાવલીયાએ જણાવ્યું કે આ વાર્ષિક મિલન અમારૂં ચાર્જીગ છે. અમને ઉર્જા મળે છે. સંસ્થાના ડાયરેકટર ધીરૂભાઈ વાગડીયાએ સંસ્થાની વર્ષ ૨૦૧૮–૧૯ના કામોની રજુઆત પર મળેલા પ્રતિભાવો અને સૂચનો પર જણાવ્યુ કે ટ્રસ્ટની જમીન વાવતા ખેડૂતો, ખરેખર ખેતીના કામ માટે આપવામાં આવતા ધિરાણ કે વિમાનો લાભ ખરેખર ખેતી કરતા ખેડૂતોને મળતો નથી. વર્ષ દરમ્યાન જે પડકારોનો સામનો કરવાનો થયો હોય અને તેની સામે લડવાની તાકાત બની હોય તેવી બાબતો આજના આ સમારંભમાં કયાંક દબાયેલી રહી. ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહર્ન કાર્યક્રમમાં સોરઠ એગ્રીકલ્ચર પ્રોડયુસર કંપની તથા ગીર એગ્રીકલ્ચર પ્રોડયુસર કંપનીને નડેલી મુશ્કેલીઓની બાબતો રજુ થઈ શકી નહી. મહેમાનોની "મજા આવતી હોય તો જ આ ક્ષેત્રમાં કામ કરવું" તેવી ટકોર ધ્યાનમાં લેવા જેવી છે. આમ, આજના કાર્યક્રમમાં રજુ થયેલી તમામ બાબતોની અમલવારી વર્ષ ૨૦૧૯–૨૦માં કરશે તેવી ટીમ દ્વારા ખાત્રી સાથે તેમજ સૌનો અભાર માની કાર્યક્રમનું સમાપન થયુ.




**દરેક અનુભવ યાદ રાખશો તો આ ભવ સુધરી જશે.**

## હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટ સ્ટાફ મીટીંગ

હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટની ત્રિમાસિક ટીમ મીટીંગ તા.૧૫/૦૬/૨૦૧૯ના રોજ મળી જેમાં સંસ્થા કાર્યક્રમોની સમીક્ષા કરવામાં આવી. કાર્યક્રમવાર ચાલતી પ્રવૃતિઓની વિગતો નોંધી તેના પર ચર્ચા કરી અને જે કાર્યક્રમો નક્કી થયા છે તે મુજબ જે કાર્યક્રમોના નામમાં ફેરફારની જરૂર જણાઈ આવી છે. તો તે અંગે આગામી મીટીંગમાં વિસ્તૃત ચર્ચા થાય તો યોગ્ય પ્રતિભાવો કે સુચનો સંસ્થાને આપી શકાય તેવુ નક્કી કરી વર્ષ ૨૦૧૯–૨૦નું આયોજન કર્યુ હતું. જે નીચે પ્રમાણે જણાવેલ છે.

૧. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર સાથે તાલીમ અને વધારાના નિદર્શનો માટે જોડાણ કરવું.
૨. વૃક્ષારોપણ માટે વન વિભાગનો સંપર્ક કરી વધુમાં વધુ વૃક્ષો વાવીને અને ઉછેરવા.
૩. લિંગ સમાનતા પરની સમજ વધુ ને વધુ છોકરાઓમાં આવે તે માટે ચિતલ હાઈસ્કુલમાં ૧૦૦ યુવાનો સાથે ૧૫ – ૧૫ અઠવાડીયાના કોર્સની બે સાયકલ કરવાનું આયોજન કર્યુ છે.
૪. આઈએનજીજે ૪૬ માં કંટાળા, બોરાળા અને ચક્રાવા ગામોમાં પાણીના કાર્યક્ષમ ઉપયોગ માટે જીએચસીએલ સાથે જોડાણ કરવુ.
૫. આત્મા પ્રોજેકટ સાથે લિન્કેજ કરવું.
૬. અન્ય પ્રવૃતિમાં પ્રોજેકટ ટીમ દ્વારા ચકલીઘર આપવા.



**ભૂલ અને ઈશ્વર માનો તો જ દેખાય.**

## શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર સ્ટાફ મીટીંગ

તા.૧૫/૦૬/૨૦૧૯ ના રોજ શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર ખાતે ટીમની ત્રિમાસિક મીટીંગ મળી હતી. જેમાં છેલ્લી મીટીંગમાં જે નિર્ણય થયા હોય તે કામની રજુઆત અને અમલવારીની સમીક્ષા કરવામાં આવી. બાકી રહી જતાં કામો કયારે થશે અને કોણ કરશે તે ચર્ચા કરવામાં આવી હતી. સંસ્થાના મુખ્ય પાંચ કાર્યક્રમો પર ચર્ચા કરવામાં આવી હતી. સંસ્થામાં જે પ્રોગ્રામ ચાલે છે તે અનુરૂપ પ્રવૃતિઓ થાય છે કે કેમ? તે બાબત પર ચર્ચા કરવામાં આવી. નાણા ભંડોળ ઉભુ કરવા માટે કાર્ય વિસ્તારમાંથી સંસ્થાની ટીમ જ પ્રયત્ન કરે તે અંગે સૂચવામાં આવ્યું હતું. જે ટીમના તમામ સભ્યોએ સ્વીકાર્યુ. તે ઉપરાંત સંસ્થામાં ચાલી રહયો કાર્યક્રમ પૈકી સુક્ષ્મ ધિરાણ અને ઉદ્યોગ સાહસિકતા પર થયેલ ચર્ચામાં હવે સુક્ષ્મ ધિરાણ પર સંસ્થાની કામગીરી બિલકુલ થતી નથી. હવે લોકોને પણ સુક્ષ્મ ધિરાણમાં રસ નથી. આ કાર્યક્રમની સમિક્ષા જરૂરી બને છે જેથી કાર્યક્રમના નામમાંથી "સુક્ષ્મ ધિરાણ" હટાવવા માટે ચર્ચા થાય અને નિર્ણય માટે સાધારણ સભામાં રજુ થાય તેવો મત પ્રદર્શીત થયો હતો. આ વર્ષના આયોજન અને અમલ અંગેની રણનીતી તૈયાર કરી મીટીંગ પુર્ણ કરવામાં આવી હતી.



**ઉગવાની જેને ઉતાવળ હોય એ હંમેશા બાવળ જ હોય છે.**

## Happy Birthday

| | |
|---|---|
| Mahesh Mayatra | 13.07.1994 |
| Paresh Chavda | 17.07.1994 |
| Shraddha Kathiriya | 17.07.1998 |
| Hardik Vagadiya | 20.07.1985 |
| Pinal Jasani | 24.07.1996 |
| Minal Gadhadara | 27.07.1994 |
| Paresh Solanki | 28.07.1990 |

## In this month

| | |
|---|---|
| 5 | IDH the Sustainable Trade Initiative training at Ahmedabad. |
| 14 | LEP & LAMP monthely meeting |
| 15 | Quarterly staff meeting |
| 16 | Annual meet |
| 27-29 | Programme on Climate Change Appreciation at Bardez, Goa. |

**પ્રિય વાચક મિત્રો,**

ટપક તેમજ સંસ્થાકીય પ્રવૃતિઓ માટે આપ સહયોગ રાશી મોકલી શકો છો. આ રકમ ચેક અથવા ડ્રાફ્ટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના નામે મોકલવા વિનંતી છે.આપની આસપાણ બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Reg. No. Amreli/091/2018-20
Valid Upto 31/12/2020

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**લાઈફને એટલી સીરીયસલી ના લો કે જીવવાની હળવાશ જ મહેસૂસ ના થાય.**